નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૩૭
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૮/૦૪/૨૦૧૬

## // પરિપત્ર //

**વિષયઃ– નિગમની ફાળવણી તારીખથી ૬ (છ) વર્ષથી ઉપરના વણવપરાશી પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજ્ય પ્લોટ તથા અન્ય મિલ્કતોના કિસ્સાઓમાં ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા બાબત.**

સંદર્ભઃ– નિગમની ૪૮૮મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંકઃ ૬૦/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬

નિગમની ૪૮૮મી સભા સમક્ષ ઉપર જણાવેલ વિષય બાબતે માન. અધ્યક્ષશ્રી સ્થાનેથી કાર્યસૂચિ સાદર કરવામાં આવેલ. જે નિગમની સભા ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૬૦/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬ થી મંજુર કરવામાં આવેલ. તે અનુસાર નિગમની જુદી–જુદી વસાહતોમાં ૬ (છ) વર્ષ કે તે પૂર્વે ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંક પ્લોટ, વાણિજ્ય પ્લોટ તથા અન્ય મિલ્કતોનો વપરાશ ફાળવણીદાર ધ્વારા આજપર્યંત કરવામાં આવેલ ન હોય અને નિગમના આવા ફાળવણીદાર ધ્વારા પોતાની વણવપરાશી મિલ્કતના ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા અરજી કરવામાં આવે તો આવી મિલ્કતની વપરાશી સમય મર્યાદા હાલ તા.૩૧.૦૩.૨૦૧૬ સુધી છે તેમાં એક વર્ષ એટલે કે તા.૩૧.૦૩.૨૦૧૭ સુધી લાગુ પડતી વણવપરાશી દંડની રકમ તેમજ અન્ય લ્હેણાં વસુલી વધારી આપવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રીને આપવાનું ઠરાવવામાં આવેલ છે.

–સહી–
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**મેનેજર(મહેકમ)**